Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐

# Shri Atmanand Prakash


પુસ્તક ૫૧ મું. | આત્મ સં. ૫૮ | સંવત ૨૦૧૦.

અંક ૭ મો. | પ્રકાશન તા. ૧૫-૨-૫૪ | માઘ.


☆

Edited by

Shri Jain Atmanand Sabha

**Bhavnagar**


વાર્ષિક લવાજમ રૂા. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧. આદ્યદેવ શ્રી સુમતિનાથ જિનસ્તવન ... ... ...( લે. અમરચંદ માવજી શાહ ) ૯૭
૨. માનવતા... ... ... ... ... ( લે. મુનિશ્રી મહાપ્રભવિજયજી મ. ) ૯૮
૩. પંદરમા શ્રી આસ્તાગ જિનસ્તવન–સાર્થ ... ( લે. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઇ ) ૯૯
૪. સંસાર દાવાનળ સ્તુતિ અને પાદપૂર્તિ...( લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. ) ૧૦૧
૫. આઠમા શ્રી ચંદ્રપ્રભુ સ્વામીજીનું સ્તવન–સાર્થ ... ( લે. પં. રામવિજયજી ગણિવર્ય ) ૧૦૩
૬. નિંદા કરનારનું સન્માન કરો ... ... ( લે. સંઘવી ભવાનભાઇ પ્રાગજી ) ૧૦૬
૭. ગૃહસ્થપણું ... ... ... ... ... ... ( જિજ્ઞાસુ મુનિરાજ ) ૧૦૯
૮. વર્તમાન સમાચાર... ... ... ... ... ... ( સભા ) ૧૧૧
૯. સ્વીકાર સમાલોચના ... ... ... ... ... ( સભા ) ૧૧૨


---

## નમ્ર સૂચના.

આત્માનંદ પ્રકાશ માટે લેખકોએ મોકલેલ ઘણી કવિતાઓ અમારી પાસે પડી છે, તેથી કોઇ પણ લેખકોએ કવિતાઓ હાલ મોકલવી નહિ; કેટલીક કવિતાઓ તથા લેખો મેળ વગરના નિરસ આવે છે, તેવા દાખલ કરવામાં આવતા નથી, તેમજ કઇ કવિતા કે લેખ લેવો અને કયો ન લેવો તે તંત્રી મંડલ નિર્ણય કરે છે. તેમજ લેખ કે કવિતા પાછી મોકલવામાં આવતી નથી.

તંત્રી મંડલ
( શ્રી આત્માનંદ પ્રકાશ )

---

## લેખક મહાશયોને નમ્ર સૂચના.

દર અંગ્રેજી મહિનાની તા. ૧–પહેલી તારીખે પોતાના લેખો મોકલવા તસ્દી લેવી.

---


**તૈયાર છે. અનેકાન્તવાદ અંગ્રેજી ભાષામાં જલદી મંગાવો**

લેખકઃ–હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ.

ઉપરોક્ત ગ્રંથ ઉંચા પેપર, અંગ્રેજી સુંદર ટાઇપ તેમજ પાકા બાઇન્ડીંગ સાથે તૈયાર છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

શ્રી સસ્તુ સાહિત્ય કમીટી
અંતર્ગત શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.

**૧ શ્રી કલ્પસૂત્ર ( બારસો ) મૂળ પાઠ.**

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત પ્રથમ શ્રાવક ભીમસિંહ માણેકે છપાવેલ તે મળતો નહોતો, જેની માત્ર પચીશ કોપી અમારી પાસે રહેલ છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા. નમ્ર સુચના છે. કિં. રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.


ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૮૦. પુસ્તક ૫૧ મું.

માહ–ફેબ્રુઆરી

વિક્રમ સં. ૨૦૧૦. અંક ૭ મો.


## શ્રી તાલધ્વજગિરિમંડન

### સાચાદેવ શ્રી સુમતિનાથ જિનસ્તવન

( રાગ:–સુણો શાંતિ જિણંદ સોભાગી. )

સાચા દેવ શ્રી સુમતિ જિનેશ્વર, કુમતિ કાપો પરમેશ્વર;
ચાહના કરી આવ્યો છું ખાસ, સાચા દેવ શ્રી આપની પાસ.
સાચા દેવ૦ એ ટેક૦ ૧

દેવ ' તાલધ્વજ ' ગિરિરાજે, સાચા સુમતિનાથ બિરાજે;
વહેતી જ્યાં શેત્રુંજી સરિતા, સ્નાન કરીને પવિત્ર બનતા.
સાચા દેવ૦ ૨

શ્રી સુમતિનાથની સેવા, ભાવ ધરીને આવ્યો છું કરવા;
સુમતિ આતમસુખ આપો, મારા કર્મ સકળને કાપો.
સાચા દેવ૦ ૩

મગ્ન થઇ કરું પ્રભુધ્યાન, પ્રગટાવોને સમ્યગ્ જ્ઞાન;
તિમિરનાં પડળો છેદો, જીવાજીવ સમજાવી ભેદો.
સાચા દેવ૦ ૪

નાથ હું તો હતો રે અનાથ, સાચા મળીયા સુમતિનાથ;
થયો આજ મને ઉછરંગ, યાત્રા કરી ' અમર ' આનંદ.
સાચા દેવ૦ ૫

અમરચંદ માવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માનવતા

લેખક :—મુનિશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

**सात्त्विकः सुकृती दानी, राजसो विषयी भ्रमी ।**
**तामसः पातकी लोभी, सात्त्विकोऽमीषु सत्तमः ॥**

જગતના પ્રવાહમાં ફરતા અનેક જંતુઓ જન્મે છે અને મરે છે. સંસારભરમાં નજર નાખતાં ક્ષણ વાર પણ જન્મ–મરણનું કાર્ય બંધ રહેતું હોય તેમ જણાતું નથી. અનેક જાતિ, અનેક યોનિ, અનેક સ્થાન, અનેક કુલમાં અનેક આત્માઓ જન્મે છે, જીવે છે અને મરે છે. સંસારનો એ સનાતન ક્રમ છે. એ કોઈનો બનાવેલ નથી અને એને કોઇ પણ અટકાવી શકે તેમ પણ નથી.

એ જન્મ–મરણના ફેરામાં ફસાએલા અને ભ્રમમાં લીન બનેલા પામર જીવડાઓને ભાન નથી હોતું કે અમે કયાંથી આવ્યા ? કયાં જઇશું ? કેવી રીતે જીવવું જોઇએ ? જગતમાં જન્મેલા એકેન્દ્રિય અને કીડા માખી આદિ ક્ષુદ્ર જંતુઓ અને પશુઓને પોતાની દશાનું ભાન ન હોય અને જેમ તેમ જીવન પૂરું કરી નાંખે, વસ્તુતત્ત્વનો વિવેક ન કરી શકે, એના માટે કશું શોચવા જેવું નથી; કારણ કે એમને એ જાતિની વિચારણા આવે એ જાતિના સંયોગો નથી અને એવા સંયોગો સાંપડે એવો સંભવ નથી.

પરંતુ જેઓ મનુષ્યપણું પામેલા છે, કાંઇક બુદ્ધિ મળી છે, સારું નરસું પારખી શકે છે. એવાઓ પણ પોતાની માન્યતાના ઘમંડમાં અંધ બની જઇ, આ જાતિનો વિચાર લેશમાત્ર ન કરે એ એમના માટે બહુ જ વિચારવા જેવી વાત ગણાય. આથી જ આ સુંદર મનુષ્યજીવન પામનારા પુન્યવંતા જીવના જીવનની કઇ દશા થાય છે, એ તપાસ કરવા જેવી છે.

મનુષ્યપણામાં આવ્યા પછી બાલપણું રમતમાં, યુવાવસ્થા વિષયમાં અને વૃદ્ધાવસ્થા દીનતામાં પસાર થાય તો ચોથી અવસ્થા જેને મરણ અવસ્થા કહેવામાં આવે છે, એ અવસ્થા ભયંકર બને તેમાં આશ્ચર્ય નથી. સાથે એ પણ સમજી રાખવાનું છે કે જગતમાં જીવાશે તો વૃદ્ધાવસ્થા આવશે, પણ વૃદ્ધાવસ્થા આવ્યા વિના પણ ઉપડી જવાય તો મનના મનોરથ માર્યા જાય. પ્રાણીઓ આશા ભલે અંત વગરની રાખે, પણ યમરાજાનો કારમો પંજો કયારે પડશે તેની ખબર નથી. પાપમાં પાવરધા બનીને વિષયના સાધનોની પાછળ પાગલ બનેલા મદાંધ જીવડાઓએ સમજી રાખવું જોઇએ કે અભિમાન ટકી શકતું નથી. યમરાજાની સાથે મિત્રતા અત્યાર સુધી કોઇ કરી શકયો નથી. મૃત્યુ કયારે આવશે એ તો નક્કી છે ને ? આ વાત યાદ કરવા જેવી નથી ? શું મૃત્યુને આપણે યાદ નહિં કરીએ એટલે એ ભૂલી જશે ? વિચારો તો ખરા ? કયારે મરવું છે ? જગતમાં અનેક કામકાજની નોંધપોથી રાખનારાની પોથીમાં મરવાનું કામ કયાં નોંધેલું હોય છે ? પણ આવે છે કે નહિ ? ભલભલાની કરામત ત્યાં ચાલતી નથી. બળીઆ ગળીઆ થઇ જાય છે. બુદ્ધિવાનની બુદ્ધિ બુઠ્ઠી બની જાય છે. એ અવસરે કશું ચાલતું નથી. આવો અવસર આપણા માથે આવશે ત્યારે શું કરીશું એ વિચારવા જેવું છે કે નહિ ? જો વિચારવા લાયક ગણાતું હોય તો કયારે વિચારવું છે ? આ બધી વાતો નકામી નથી. જીવનને નકામે માર્ગે દોરવનારને આવી વિચારણા કદાચ ન ગમે, પણ એ વિચારણા લાવ્યા વિના જીવનનો જે ઊલટો રાહ લેવાઇ રહ્યો છે તે સીધો થાય તેમ નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે
# પંદરમા શ્રી આસ્તાગ જિનસ્તવન–સાર્થ

( સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )

**કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ય રે;**
**સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધી કદન્ન રે. કરો૦ ૧**

**સ્પષ્ટાર્થ:**—હે શાશ્વત સુખ અભિલાષી ભવ્યો ! તમો આસ્તાગ સ્વામીના વચનો અને આસ્તાગ સ્વામીના ગુણોમાં સાચો રંગ કરો. સંસાર વિરંગ એટલે કે સંસારના અનેક પ્રકારના જે ધન–વિષય–સન્માન, આયુષ્ય, કુટુંબ આદિ તેમાં મિથ્યા દશાએ રંગ લાગે છે પણ તે સર્વે વિપરીત રંગ છે, અને આત્મક્ષેત્રથી ન્યારો વિનાશીક ભય ભરેલો. પરતંત્ર પૂર્વાપર કલેશયુક્ત છે. દેવોના પતિ ઇંદ્રો અને મનુષ્યોના પતિ ચક્રવર્તી રાજાઓ આદિની સંપદા જે અશ્વ–ગજ–સ્ત્રી આદિ તે તો જગત જીવની એઠ, દુર્ગંધીક અને સડેલા અનાજ જેવી, વિહ્વલતા કરાવનાર, પાપકારી દીનતા યુક્ત છે, પણ તેમાં મોહ–મદિરાની આધિયે અંધ થયેલા જીવોને સુખ જણાય છે, પણ પરમાર્થે તે રોગ અને રોગના કારણભૂત છે. ( ૧ )

**જિન આસ્તાગ ગુણ રસ રમી, ચલ વિષય વિકાર વિરૂપ રે;**
**વિણ સમકિત મતે અભિલષે, જીણે ચાખ્યો શુદ્ધ સ્વરૂપ રે. કરો૦ ૨**

---

મૃત્યુના ભય વિના માણસને માણસ બનાવી શકાય તેમ નથી. મૃત્યુના ભય વિનાનો માણસ અત્યાચાર કરતી વખતે જંગલી પશુ કરતાં પણ વધી જાય. જીવનને સાત્વિક ધર્મમય બનાવવા માટે આ વાતો ખાસ વિચારવાની છે. આખા દિવસમાં માણસ એક વખત પણ એકાંતમાં બેસીને " કયારે મરીશ અને કેવી રીતે મરીશ ? " આટલું ન વિચારે તો જીવનમાં શક્તિ મુજબના પાપ કરતાં એને કોણ અટકાવે તેમ છે ? માટે આટલા બે પ્રશ્નો પોતાના હિતની ખાતર હમેશાં પૂછવા લાયક છે. એમાંથી જીવન જીવવા માટે સુંદર રાહ મળશે.

અત્યારે ' વિષયની જંજાળ અને ખોટી માન્યતારૂપ ભ્રમ ' આ બે વસ્તુઓના કારણે આત્મા રાજસી વૃત્તિવાળો થયો છે. તેમજ ' પાર વગરના પાપ અને અંતવગરનો લોભ ' આ બે વસ્તુઓથી આત્મા તામસ સ્વભાવનો થયો છે. એ દશામાં સુકૃત કરવા, દાનશીલ બનવું, સદાચારી, ન્યાયવાન્, સંતોષી બનવું વિગેરે સાત્વિક વૃત્તિના કાર્યો એના જીવનથી અલગ રહ્યા છે.

રાજસી અને તામસી દશાને ટાળીને સાત્વિક દશા લાવવા માટે આ જીવનમાં બનતું કરનાર જીવન અજવાળી શકે છે. એ દશા લાવવા માટે ઉપર મૂકવામાં આવેલા બે પ્રશ્નો વિચારે અને જીવન તરફ નજર નાખે, સદાચારી બને, લોભની માત્રાને ઘટાડે, જીવનની માનેલી ખોટી જરૂરીઆતોને દૂર કરે અગર ઘટાડે તો જરૂર સાત્વિક દશા લાવીને શાંતિ અનુભવે. એ જ ખરેખર કરવા જેવું છે.

**રાજસી અને તામસી વૃત્તિ ત્યજી, સાત્વિક વૃત્તિમેળવી અખંડાનંદ અનુભવવા ભાગ્યશાળી બનો.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિજ ગુણ ચિંતન રસ રમ્યા, તસુ ક્રોધ અનલનો તાપ રે;
નવિ વ્યાપે કામે ભવસ્થિતિ, જીમ શીતને અર્ક પ્રતાપ રે. કરો૦ ૩

**સ્પષ્ટાર્થઃ**—શ્રી. આસ્તાગ જિન પોતાના જ્ઞાનાદિક અનંત શુદ્ધ ગુણમાં રસીયા અને અખંડ સમય સ્વતંત્રપણે રમણ કરવાવાળા છે. ચલાયમાન વિષય :વિકાર તે આસ્તાગ સ્વામીના ગુણથી ઊલ્ટો દુઃખ અને કલેશરૂપ છે. જ્યાંસુધી સમ્યગ્જ્ઞાન નથી ત્યાંસુધી મૂઢ જીવ એવા વિષયરૂપ દુર્ગુણોનો અભિલાષી હોય પણ જેણે શુદ્ધ ગુણ સ્વરૂપનો સ્વાદ ચાખ્યો, તે તો નિજ શુદ્ધાત્મ ગુણ ચિંતન રસ જલમાં રમ્યા. તેને ક્રોધાદિ કષાય અગ્નિનો તાપ કદાપિ વ્યાપે નહીં, પણ તે ભવસ્થિતિને કાપે, જેમ સૂર્યનો પ્રતાપ શીત કાપે છે તેમ. ( ૨–૩ )

નિજ ગુણ રંગી ચેતના, નવિ બાંધે અભિનવ કર્મ રે;
ગુણરમણે નિજ ગુણ ઉલ્લસે, તે આસ્વાદે નિજધર્મ. કરો૦ ૪

**સ્પષ્ટાર્થઃ**—જે જીવ જિનગુણોમાં રંગી થયો તે નવા કર્મબંધ કરે નહીં. જિનગુણ રમણે પોતાના આત્મિક શુદ્ધ ગુણ ઉલ્લાસ પામે–પ્રગટ થાય તેજ પોતાના દીન–દર્શન ચરણાદિક ધર્મનો સ્વતંત્ર આનંદ લે. ( ૪ )

પરત્યાગી સગુણ એકત્વતા, રમતા જ્ઞાનાદિક ભાવ રે;
સ્વસ્વરૂપ ધ્યાતા થઇ, પામે શુચિ ક્ષાયક ભાવ રે. કરો૦ ૫

**સ્પષ્ટાર્થઃ**—જે પુરુષ પુદ્ગલપરિણતિનું કર્તાપણું, ભોક્તાપણું, રક્ષણપણું, ગ્રાહકપણું, વ્યાપકપણુ તથા રાગ, દ્વેષ અને મમતા ત્યાગી સ્વસ્વરૂપ ધ્યાને એકત્વ રહી. જ્ઞાનાદિક રમ્ય રૂપમાં રમણ કરે તે પૂર્ણ સ્વસ્વરૂપનો ધ્યાતા થઇ પવિત્ર અક્ષય ક્ષાયક ભાવ પામે. ( ૫ )

ગુણકરણે નવ ગુણ પ્રગટતા, સત્તાગત રસસ્થિતિ છેદ રે;
સંક્રમણે ઉદય પ્રદેશથી, કરે નિર્જરા ટાલે ખેદ રે. કરો૦ ૬

**સ્પષ્ટાર્થ**:—જ્ઞાનગુણના અવિભાગી છતી પર્યાયરૂપ કરણે વધતો વધતો અને નવો નવો જ્ઞાન ગુણ નિર્મળ પ્રગટ થાય તેમ દર્શન ચરણાદિ સર્વ ગુણોના છતી પર્યાયરૂપ કરણે દર્શનચરણાદિક ગુણો પૂર્ણ પર્યાયે નિર્મળ પ્રગટે અને સત્તાગતે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને મોહનીય આદિના રસ ( અનુભાગ ) અને સ્થિતિ દલ સહિત છેદે, અને પ્રદેશ ઉદયથી સંક્રમણ કરી નિર્જરા કરે. અને અજ્ઞાન, મિથ્યાત્વ, કષાય તથા જન્મ મરણ ભય શોકાદિનો ખેદ ટાળે. ( ૬ )

સહજ સ્વરૂપ પ્રકાશથી, થાએ પૂર્ણાનંદ વિલાસ રે;
દેવચંદ્ર જિનરાજની, કરજયો સેવા સુખવાસ રે. કરો૦ ૭

**સ્પષ્ટાર્થ:**—સહજ શુદ્ધાત્મસ્વરૂપ પ્રકાશ થવાથી સ્વતંત્ર આત્મિક પૂર્ણાનંદ વિલાસ પ્રગટ થાય માટે દેવચંદ્ર મુનિ કહે છે કે–જિનરાજની સેવામાં રહી શુદ્ધ આતમ સત્તાભૂમિમાં સ્વતંત્ર સુખે વાસ કરજો. ( ૭ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસારદાવાનળ સ્તુતિ અને પાદપૂર્તિ

લેખકઃ—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા M. A.

( ગતાંક પૃષ્ઠ ૯૦ થી શરૂ )

**પ્રઘોષ**—આ સ્તુતિને અંગે ભિન્ન ભિન્ન પ્રઘોષ અસ્તિત્વમાં આવ્યા છે. તેમાંનો એક એના કર્તાને અંગેનો છે. હમણાં થોડા વખત ઉપર પ્રસિદ્ધ થએલા એક પુસ્તકમાં નીચે મુજબની મતલબની હકીકત છપાઇ છેઃ—

પ્રસ્તુત સ્તુતિના ચતુર્થ પદ્યનું આદ્ય ચરણ રચાતાં એના પ્રણેતા હરિભદ્રસૂરિની જીભ બંધ થઇ ગઇ. એથી બાકીનાં ત્રણ ચરણો એ પ્રણેતાના હૃદયના અભિપ્રાય મુજબ સંઘે રચી આ સ્તુતિ પૂર્ણ કરી.

આ જાતનો ઉલ્લેખ એવી રીતે રજૂ થયો છે કે જાણે આ બ્રહ્મવાક્ય હોય. ખરી રીતે તો આવું વિલક્ષણ વિધાન કરતી વેળા એને અંગે જે કંઇ પૂરાવો હોય તે રજૂ થવો ઘટે અને એની વિશ્વાસનીયતા વિષે ઇસારો થવો ઘટે. ગમે તેમ પણ હજી એ ઉપર્યુક્ત પુસ્તકના લેખક કે અન્ય કોઇ આ વિધાન સૌથી પ્રથમ કોણે કર્યું છે તે સૂચવશે તો આનંદ થશે.

બીજો પ્રઘોષ એ છે કે 'ઝંકારારાવસારા' થી શરૂ થતો ભાગ ગુરુ સિવાયના જનો પ્રતિક્રમણ કરતી વેળા મોટેથી ઉચ્ચારે છે અને તેમ કરવું સકારણ છે. આને અંગે તપાસ કરતાં ઉપાધ્યાય વીરવિજયજીએ રચેલી **પ્રશ્નોત્તર-ચિન્તામણિ** જોતાં એમ જણાય છે કે કોઇક મિથ્યાદૃષ્ટિ વ્યંતર સાધુ વગેરેને ઉપદ્રવ કરવાની બુદ્ધિથી વસતિમાં રહ્યો હોય તો એ વ્યંતર મહાપુરુષે રચેલા 'ઝંકારારાવસારા' ઇત્યાદિ અક્ષરાનુયોગને ઊંચે સ્વરે શ્રાવકો દ્વારા બોલાતો સાંભળી એ સ્થાનમાંથી નાસી જાય.

'ઝંકારારાવસારા' એ ઠેકાણે ભમરાઓના સમુદાયના શબ્દનું વર્ણન છે. એ ઉત્કર્ષનો હેતુ હોવાથી એટલે સુધી જ (ગુરુએ) બોલવું, નહિ કે ચારે શ્લોકો.[1]

ત્રીજો પ્રઘોષ એ છે કે સ્ત્રીઓને "**नमोऽस्तु वर्धमानाय**"-થી શરૂ થતી ત્રણ પદ્યની સ્તુતિ તેમજ છંદની દૃષ્ટિએ એની સાથે સમાનતા ધરાવનારી "**विशाललोचन**" થી શરૂ થતી સ્તુતિ બોલવાનો અધિકાર નથી, કેમકે આ તો પુવ્વ(પૂર્વ)ના અંશરૂપ છે. આથી સ્ત્રીવર્ગ ઉપર્યુક્ત આ બે સ્તુતિને બદલે **સંસારદાવાનલથી સ્તુતિનાં** પહેલાં ત્રણ પદ્યો અને સંપૂર્ણ સ્તુતિ અનુક્રમે બોલે એવી પ્રથા દાખલ થયેલી જોવાય છે.

આ સંબંધમાં પાંચ પ્રશ્નો ઉદ્ભવે છેઃ—

(૧) '**नमोऽस्तु वर्धमानाय**' થી શરૂ થતી સ્તુતિ પૂર્વના ભાગરૂપ છે એમ કહેવા માટે સબળ અને પ્રાચીન પૂરાવો શો છે?

(૨) આ સ્તુતિનું સૂચન **હેમછંદોઽનુશાસનની** સ્વોપજ્ઞ વૃત્તિ કરતાં પ્રાચીન કોઇ કૃતિમાં છે ખરૂં?

---

૧ જુઓ **વિવિધ-પ્રશ્નોત્તર** (પૃ. ૮૬-૮૭). અહીં મૂળ પાઠ અપાયેલો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૩ ) '**विशाललोचन**'થી શરૂ થતી સ્તુતિ પૂર્વનો અંશ છે. એમ કયા પ્રામાણિક અને પ્રાચીન ઉલ્લેખને આધારે કહી શકાય તેમ છે ?

( ૪ ) સ્ત્રીવર્ગ માટે **સંસાર-દાવાનલ-સ્તુતિ**નો ઉપયોગ કરવાની પ્રથા દાખલ કરાઇ તે પૂર્વે એ માટે કયા સૂત્રનો કે કઇ કૃતિઓનો ઉપયોગ કરાતો હતો ?

( ૫ ) આ નવીન પ્રથા દાખલ કરનાર કોણ છે ? એમણે શા માટે એ દાખલ કરી અને એનો અમલ કયારથી કરાતો આવ્યો છે ?

આ તમામ પ્રશ્નોનો ઉત્તર આપવાનું હાલ તુરત બની શકે તેમ નથી. પૂર્વના અંશ હોવાની બાબત મેં A History of the Canonical Literature of the Jainas ( પૃ. ૯૦ ),માં સામાન્ય રૂપે ચર્ચી છે અને પહેલી સ્તુતિ માટે તો **હીરપ્રશ્નનો** હવાલો આપ્યો છે.

'વિશાલલોચન' માટે તો આખો પ્રશ્ન જ ઊભો રહે છે. એ પૂર્વના અંશરૂપ નથી જ એમ માની લઇએ તો પણ એ કેટલી પ્રાચીન છે એ બાબત ઉપર પણ વિશિષ્ટ પ્રકાશ કોઇએ પાડેલો જણાતો નથી. આ સંબંધમાં હું એ સૂચવીશ કે પ્રતિક્રમણની વિધિ રજૂ કરતી પ્રાચીનમાં પ્રાચીન જે કૃતિમાં 'વિશાલલોચન' સ્તુતિનો ઉલ્લેખ હોય તેનો રચનાવર્ષ જાણવામાં આવે તો આ દિશામાં એક પગલું માંડેલું ગણાશે.

અહીં એ વાત ઉમેરીશ કે "વિશાલલોચન" ઉપર કનકકુશલગણિની વૃત્તિ છે. એ સાદડીમાં વિ. સં. ૧૬૫૩ માં રચાઇ છે, એમ જૈ. સા. સં. ઇ. ( પૃ. ૫૯૧ ) માં ઉલ્લેખ છે એટલે "**વિશાલ-લોચન**" કૃતિ લગભગ વિ. સં. ૧૬૦૦ જેટલી તો પ્રાચીન ગણાય જ.

[ ૨ ]

**પાદપૂર્તિ**—આનો અર્થ, તેમજ આ જાતની રચનાનો ઉદ્‌ભવ કયારે કેમ થયો એ બાબતો મેં "પાદપૂર્તિરૂપ જૈન કૃતિઓ" નામના લેખમાં વિચારી છે અને એ લેખ ટૂંક સમયમાં પ્રકાશિત થવાનો છે એટલે એ વાત અહીં હું જતી કરું છું.

"સંસારદાવાનલ સ્તુતિ" ની પાદપૂર્તિ બે પ્રકારે થયેલી જોવાય છે. ( ૧ )સમસ્ત પદ્યોનાં ચારે ચરણની એટલે કે સર્વાંગીણ અને ( ૨ ) એ કોઇ એક જ ચરણની એટલે કે આંશિક. પ્રથમ પ્રકારની પાદપૂર્તિરૂપ રચનાઓ આપણે પ્રથમ વિચારીશું.

( ૧ ) પ્રમદ-પાર્શ્વ-જિન-સ્તવન-આ મંડપાચલના મંડનરૂપ 'પ્રમદ' પાર્શ્વનાથની સ્તુતિ છે. એ **સિદ્ધાંતરુચિએ** રચી છે. એટલે અ૦ જિનભદ્રસૂરિના ભક્ત (? શિષ્ય ) અને **પુષ્પમાલા** ઉપર વિ. સં. ૧૫૧૨ માં વૃત્તિ રચનાર **સાધુસોમ**ના ગુરુ થાય છે. એ હિસાબે આ પાદપૂર્તિ વિ. સં. ૧૫૧૦ ની આસપાસમાં રચાયાનું હું અનુમાન કરું છું. એમાં ૧૭ પદ્યો છે. પહેલાં સોળ પદ્યો એ મૂળ કૃતિનાં ચારે પદ્યોના પ્રત્યેક ચરણને ચતુર્થ ચરણને સ્વીકારી યોજાઇ છે. ૧૭ માં પદ્યમાં કર્તાએ પોતાના નામનો એટલે કે 'સિદ્ધાંતરુચિ' નો 'સિદ્ધાંત' એ અંશ રજૂ કર્યો છે, અને સાથે સાથે 'જિનભદ્ર'-નો પણ ઉલ્લેખ કર્યો છે.

આ સ્તવનનો પ્રારંભ "**श्रेयो दघानं**" થી થાય છે. આ સ્તવન બે સ્થળેથી પ્રકાશિત થયું છે. ( ૧ ) **જૈન સ્તોત્રસંગ્રહ**-( ભા. ૧, પૃ. ૬૭-૬૯ ) માં અને ( ૨ ) "**मांडवगढका मंत्री अथवा**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિ શ્રી મોહનલાલજી લટકાળાકૃત–

# શ્રી આઠમા ચંદ્રપ્રભુસ્વામીજીનું સ્તવન–સાર્થ

લેખક—પં. શ્રી રામવિજયજી ગણિવર્ય

**શ્રી શંકરચંદ્ર પ્રભુ રે લો, તું ધ્યાતા જગનો વિભુ રે લો;**
**તિણે હું ઓલગે આવીયો રે લો, તુમે પણ મુજ મન ભવિયો રે લો. ૧**

**ભાવાર્થ:**—શ્રી સુખના કરનારા હે ચંદ્રપ્રભુ ! આપ શુકલધ્યાનના ધ્યાતા છો અને જગતમાં મહાસમર્થ પુરુષ છો તે કારણથી હું આપની અરજ કરવા આવ્યો છું. આપ મારા મનમાં ભાવ્યા છો. ૧

---

**पेथडकुमार का परिचय**" નામના પુસ્તક ( પૃ. ૬૪–૬૯ ) માં. આ બંને પુસ્તક એકી વખતે મારી સામે નહિ હોવાથી મેં આ બે કૃતિ ભિન્ન ભિન્ન માની લઈ એ પ્રમાણેનો ઉલ્લેખ **ઉપર્યુક્ત** સૂચીપત્ર( ભા. ૩, પૃ. ૨૩૫. )માં કર્યો હતો. આવી ભૂલ શ્રી અગરચંદ નાહટા જેવી સાધનસંપન્ન વ્યક્તિને હાથે પણ થવા પામી છે એ નવાઈ જેવી વાત છે.

( ૨ ) **પ્રથમ જિન સ્તવન**—આ ખ. જિનચન્દ્રસૂરિના ભક્ત સુમતિકલ્લોલની **૧૭ પદ્ય પૂરતી** અને ઉપર્યુક્ત સ્તવનની સાથે પાદપૂર્તિની બાબતમાં મળતી આવતી કૃતિ છે. એના અંતિમ પદ્યમાં **प्रद्युम्नेषु पयोधिकायपृथ्वी**દ્વારા રચના–વર્ષનો ઉલ્લેખ કરાયો છે. 'પયોધિ'થી સાત તેમજ ચાર એ બેનું સૂચન થાય છે. પ્રથમ વિકલ્પ પ્રમાણે રચના–વર્ષ વિ. સં. ૧૬૭૫ ગણાય અને બીજા વિકલ્પ પ્રમાણે વિ. સં. ૧૬૪૫ ગણાય. આ ઋષભદેવને અંગેનું સ્તવન જૈન સ્તોત્રસંગ્રહ ( ભા. ૧, પૃ. ૬૫–૬૭ )માં છપાયું છે.

( ૩ ) **પાર્શ્વ-સ્તવન**—આ પણ ૧૭ પદ્યનું સ્તવન છે. એ કોઈ સ્થળેથી પ્રકાશિત થએલું જણાતું નથી.[1] એટલે એ ઉપર્યુક્ત પ્રકારની જ પાદપૂર્તિરૂપ હશે કે કેમ તે જાણવું બાકી રહે છે. વિશેષમાં એના કર્તા લક્ષ્મીવલ્લભ તે જ શું **કલ્પદ્રુમકલિકા**નાં રચનાર છે એ પણ એક પ્રશ્ન છે. જો એમ જ હોય તો આ સ્તવન વિ. સં. ૧૭૪૫ ના અરસામાં રચાયાનું હું અનુમાન કરું છું.

**સંસારદાવાપાદપૂર્તિ**—આ જ્ઞાનસાગરની રચના છે. એથી વિશેષ પરિચય તો આ કૃતિ પ્રકાશિત કરે તો આપી શકાય. એ સર્વાંગીણ છે કે આંશિક તે પણ જાણવું બાકી રહે છે.

હવે આંશિક કૃતિ આપણે વિચારીશું.

**જિન–સ્તુતિ**—આનો પ્રારંભ "**नमेन्द्रमौलि**"થી કરાયો છે. એ મૂળ કૃતિના પ્રત્યેક પદ્યના આદ્ય ચરણની પૂર્તિરૂપ છે અને એમાં એકંદર ચાર જ પદ્યો છે. **એ જૈન સ્તોત્રસંગ્રહ**–( ભા. ૨, પૃ. ૨૦ )માં છપાઈ છે.

આવી આંશિક કૃતિ બીજી કોઈ હોય તો તે જાણવામાં નથી.

અંતમાં એ વાત હું સૂચવું છું કે પાદપૂર્તિરૂપ જે જે કૃતિ અપ્રકાશિત હોય તે પ્રસિદ્ધ થવી ઘટે. આગળ વધીને કહું તો **સંસારદાવાનળ સ્તુતિ** એની ટીકાઓ અને એની પાદપૂર્તિરૂપ સમસ્ત રચનાઓ સાથે તેમજ અનુવાદ, સ્પષ્ટીકરણ અને વિશિષ્ટ પ્રસ્તાવના સહિત એક પુસ્તકરૂપે પ્રકાશિત થવી જોઈએ.

---

૧ જો એમ જ હોય તો એ સત્વર પ્રકાશિત થવું ઘટે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિશેષાર્થ**:—શ્રી બાહ્યથી અષ્ટ મહાપ્રાતિહાર્યરૂપ ( અશોકવૃક્ષાદિ ) હોય છે અને અભ્યંતર લક્ષ્મી કેવલજ્ઞાનાદિ ગુણરૂપ છે, એવી રીતે આપ બંને લક્ષ્મી યુક્ત છો. લક્ષ્મીસંપન્ન છતાં આપ નિષ્પરિગ્રહી છો, મમતા રહિત છો. એ અતિ અદ્ભૂત દર્શક વાત છે. વળી આપ શુકલધ્યાનના ધ્યાતા છો. જગતમાં વીર્યાંતરાય કર્મ ક્ષય કરવાથી અનંત બળવાળા વિભુ છો. તે કારણથી હું આપની વિનંતિ કરવા આવ્યો છું. ૧

**દીધી ચરણની ચાકરી રે લો, હું સેવું હરખે કરી રે લોલ;**
**સાહિબ સામું નિહાળજો રે લો, ભવસમુદ્રથી તારજો રે લો. ૨**

**ભાવાર્થ**.—આપે મને ચરણની ચાકરી આપી, હવે હું હરખે કરી આપની સેવા કરું, હે પ્રભુ! મારી સામું આપ દેખજો અને સંસારસમુદ્રથી મને તારજો. ૨

**વિશેષાર્થ**:—હે પ્રભુ! આપે મારા ઉપર કૃપા દૃષ્ટિ કરી સેવા આપી તેથી હું કૃતાર્થ થયો. મારા ભાગ્યનો ઉદય થયો. તે કારણથી ત્રિકરણ યોગની શુદ્ધિપૂર્વક અતિ હર્ષ ધારણ કરીને આપની સેવા કરું. આ સેવા મનથી હું કરતા આપના ગુણો મારા હૃદયમાં લાવી અનુમોદના કરું. વળી વચનથી સેવા કરતાં આપના ગુણો, શ્લોકો, સ્તુતિ, ચૈત્યવંદન, સ્તવન, સ્મરણ વિગેરે શબ્દદ્વારા ગાઉં. વળી કાયાથી જળ ચંદનથી તથા પુષ્પોવડે દ્રવ્ય તથા ભાવપૂજા કરું. હે પ્રભુ! મારા ઉપર અમૃતમય દૃષ્ટિપાત કરો :અને અનાદિઅનંત એવા અગાધ સંસારરૂપ સમુદ્રમાંથી આપ નાવ અથવા સ્ટીમર અથવા વહાણના કપ્તાનરૂપ બની મને તારો એ યાચના.

**અગણિત ગુણ ગણવાતણી રે લો, મુજ મન હોંશ ધરે ઘણી રે લો;**
**જિમ નભને પામ્યા પંખી રે લો, દાખે બાળક કરથી લખી રે લો. ૩**

**ભાવાર્થ**:—હે પ્રભુ! આપના અગણ્ય ગુણો ગણવામાં મારું મન ઘણી હોંશ ધરાવે છે. જેમ પક્ષી આકાશમાં ભમે છે—જેમ બાળક હાથની સંજ્ઞાથી આકાશને બતાવે છે. ૩

**વિશેષાર્થ**:—આપનામાં ન ગણી શકાય એવા અનંત ગુણો છે. તો પણ તે ગુણો ગણવા માટે મન ઘણી હોંશ ધરાવે છે. ( ત્યાં દૃષ્ટાંતો આપી ચાલતી વાતનો ફક્ત ઉલ્લેખ કરાય છે. ) તે આ પ્રમાણે વિચારવો:—જેમ અનંત અપાર આકાશ છે છતાં પક્ષીઓ જાણે આકાશનું માપ લેવા નભઃપ્રદેશે ભમતા હોય એવું જણાવે છે. વળી બાળકને પૂછીએ કે ગગન કેવડું ( હોય ) છે? તો તે બાળક હાથથી ચેષ્ટા કરી બે હાથ પહોળા કરી બતાવે છે—તેથી આકાશનો પાર પમાતો નથી. પરન્તુ કાંઇક અપાર વસ્તુની " ઝાંખી " લીટીદ્વારા અનુભવમાં મુકાય છે—જાણવા જણાવવા પ્રયત્નશીલ બનાય છે. એ જ વાતનો ઉપનય રહસ્ય તરીકે એમ ઘટાવવો કે પ્રભુમાં અનંત ગુણો છતાં—તે અનંત ગુણોને દેખાડવા—થોડા શબ્દોથી પણ સેવકનો પ્રયત્ન સ્તુતિપાત્ર છે. એ વ્યવહારનો નિષેધ કરવામાં આવે તો પ્રભુના ગુણોની સ્તુતિ છદ્મસ્થ પ્રાણી કરી શકે જ નહિ, માટે કહેલ યુક્તિ અનુભવગમ્ય છે. વ્યવહારનયથી પ્રસિદ્ધ છે. ૩

**જો જિન તું છે પાંસરો રે લો, કરમતણો શો આશરો રે લોલ;**
**જો તમે રાખશો ગોદમાં રે લો, તો કેમ જાશું નિગોદમાં રે લો? ૪**

**ભાવાર્થ**:—હે પ્રભુ! જો આપ મારા પ્રત્યે અનુકૂળ છો, તો કરમનો શો આશરો છે? વળી હે પ્રભુ! જો આપ સેવક જનને ખોળામાં રાખશો તો અમે કેમ નિગોદમાં જઇશું? ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિશેષાર્થ**:—હે પ્રભુ ! જો આપ મને પોતાનો ગણી ધર્મપ્રેમ રાખી મારો સાચો અભ્યુદય વધારશો તો પછી આઠ કર્મની મૂળ પ્રકૃતિ અને ૧૫૮ (એકસો ને અઠ્ઠાવન) આ ઉત્તરપ્રકૃતિ મારા આત્મા ઉપર કાંઇ જોર કરી શકશે નહિ. આ અનાદિઅનંત ભવચક્રમાં અનંતાનંત પુદ્ગલપરાવર્તન રખડયો. તેમાં કર્મની સત્તાઓ મારા ઉપર એટલા સુધી જોર કરતી રહી કે–જ્યાં સુધી હે વીતરાગ પ્રભુ ! આપની અનુકૂળ વૃત્તિ મારા ઉપર ન હતી. હવે તો આપ મારા ઉપર અમૃતદષ્ટિથી જોનારા બન્યા. મને આપ પોતાના (ખોળામાં) બાળકની જેમ રાખનાર થયા, તેથી હવે અમે વ્યવહારરાશીરૂપ સૂક્ષ્મ કે બાદર નિગોદમાં નહિ જઇએ; કારણ કે સર્વ જીવ માત્રનું સ્થાન અવ્યવહારરાશીરૂપ હતું. હવે એ રાશીમાં જવાનું બંધ થયું. તે વ્યવહારનયથી સમજ્યો. કદાચ પ્રભુની સેવા મળી અને પછી સૂક્ષ્મ નિગોદરૂપ અશુભ કર્મ ઉપાર્જન કર્યું, તેથી નિગોદમાં આત્માને જવું પણ પડે, માટે એમાં એકાંત નહિ પણ અનેકાંત સ્યાદ્વાદ મત આશ્રિત કરવો. તેમાં પ્રભુની સેવાનો દોષ ન સમજવો. પરન્તુ જીવનું અજ્ઞાન સમજવું. પરમાર્થથી પ્રભુસેવા એકાંત હિતકારી છે, મધુર છે. ૫

**જબ તાહરી કરુણા થઈ રે લો, કુમતિ કુગતિ દૂરે ગઈ રે લો,**
**અધ્યાત્મ રવિ ઊગીયો રે લો, પાપ તિમિર કિહાં પુગીયો રે લો. ૫**

**ભાવાર્થ**:—જે વખતે હે પ્રભુ ! તારી કરુણા થઇ–તે વખતે કુબુદ્ધિ–કુગતિ દૂર ગઇ. વળી અધ્યાત્મરૂપી સૂર્ય ઊગ્યો અને પાપરૂપ અંધકાર નાશ પામ્યો.

**વિશેષાર્થ**:—પ્રભુની કરુણાદષ્ટિ થાય, ત્યારે સેવકને સુબુદ્ધિ ઉપજે અને તેથી નરક અને તિર્યંચગતિરૂપ અશુભ કર્મના બંધ અટકે. તે વખતે આત્મગુણની રમણતારૂપ સૂર્ય–ભક્તજનના અંતઃપ્રદેશમાં ઊગે. તે વખતે પાપરૂપ અંધકારને પલાયન કરવું જ પડે.

**તુજ મૂરતિ માયા જિસી રે લો, ઉર્વશી થઈ ઉઅરે વસી રે લો;**
**રખે પ્રભુ ટાલો એક ઘડી રે લો, નજર વાદળની છાયડી રે લો. ૬**

**ભાવાર્થ**:—હે પ્રભુ ! તાહરી મૂર્તિ "માયા સદશ" છે. ઉર્વશી મનમાં વસી ગઇ છે, તો હે પ્રભુ ! એક ઘડી પણ તેને બહાર જવા દેશો નહિ અને જશે તો વાદળની છાયા જેમ જોતજોતામાં નાશ થાય છે તેમ થઇ જશે. ૬

**વિશેષાર્થ**:—હે પ્રભુ ! આપની મૂર્તિ માયા એટલે અતિ ચપળ વિદ્યારૂપ છે. તેણીએ પોતાનું રૂપ દેવાંગના (રંભા જેવું મોહિત અને શૃંગારિક બનાવી) ભક્તજનના મનમાં વસાવ્યું, તેથી હે પ્રભુ ! આપને વિનંતિ કરું છું કે મારા ઉપર કૃપાદષ્ટિ કરી એક ઘડી પણ તે માયારૂપ મૂર્તિને મારા મન-મંદિરમાંથી ખસવા દેશો નહિ. આપની મૂર્તિ જો મારા મનમાંથી ખસી જશે, તો આકાશમાં વાદળાં જેમ જોતજોતામાં નષ્ટ થાય છે, તેમ આપની મૂર્તિદ્વારા જે અપૂર્વ આનંદ હું લઇ શકું છું, તે આનંદ લૂંટાઇ જશે; કારણ જતાં કાર્યનો પણ અભાવ થશે, તેથી મારી અરજી ધ્યાનમાં લેશો.

**તાહરી ભક્તિ ભલી બની રે લો, જિમ ઔષધી સંજીવની રે લો;**
**તન મન આનંદ ઉપનો રે લો, કહે મોહન કવિ રૂપનો રે લો. ૭**

**ભાવાર્થ**:—હે પ્રભુ ! તમારી ભક્તિ મારે માટે સારી બની છે, જેમ સંજીવની ઔષધી મનુષ્ય-જાતને કામણરૂપ વિદ્યાથી પશુરૂપે બનાવી દીધો હોય. તેને ચારામાં ચરાવવામાં આવે તો તે ઔષધીરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નિંદા કરનારનું પણ સન્માન કરો

નિંદા કરનારાઓને પોતાના ગુરુ દર્શાવીને જ્ઞાની જનો સ્તુતિ કરે છે અને કહે છે કે—

" क्षमाशस्त्रं करे यस्य, दुर्जनः किं करिष्यति ?
अतृणे पतितो वह्निः, स्वयमेव उपशाम्यति ॥ "

જેના હાથમાં ક્ષમારૂપી શસ્ત્ર છે તેનું દુર્જન લોકો શું બગાડી શકે ? જ્યાં સૂકું ઘાસ જ ન હોય ત્યાં પડેલો અગ્નિ પોતાની મેળે જ શાન્ત થઇ જાય છે—બુઝાઇ જાય છે.

જેમ પાઠશાળાઓમાં પરીક્ષકો હોય છે, તેઓ સદા પરીક્ષા જ લેતા રહે છે, તે જ પ્રકારે એ નિંદકોને પણ સમજવા જોઇએ, પરીક્ષક એ જ વિદ્યાર્થીઓની પરીક્ષા કરે છે કે જે વિદ્વાન બનવાની ઇચ્છાથી પાઠશાળામાં ભણવા દાખલ થાય છે.

જે બાળક ભણતો જ નથી અને જે જાનવરોની પેઠે જન્મતાં જ માત્ર ખાધા–પીધાની ચિંતામાં જ લાગી જાય છે તેની પરીક્ષા પરીક્ષક શું કરશે ? ( નિરક્ષરતાની પરીક્ષામાં તે પહેલેથી ઉત્તીર્ણ થઇ ચૂક્યોછે. ) આવા પ્રકારે નિંદકો એમની જ નિંદા કરે છે કે જેઓ આ લોકની તથા પરલોકની ઉન્નતિ કરવા ઇચ્છે છે. એટલે, " જે શ્રેષ્ઠ બનવાની જ ઇચ્છાથી ઉન્નતિની પાઠશાળામાં પ્રવેશ કરે છે. " પરંતુ જેના જીવનમાં કાંઇ વિશેષતા જ નથી. અને જે આહાર, નિદ્રા અને મૈથુન વિગેરે કાર્યોમાં જ અન્ય પ્રાણીઓની જેમ વ્યવહાર કરે છે એવાઓને તો નિંદા–સ્તુતિ બન્ને સમાન જ છે.

આ લોકની ઉન્નતિમાં નિંદા ગમે તેટલા વિઘ્નો નાખશે પરંતુ પારલૌકિક ઉન્નતિમાં તો નિંદા મદદરૂપ જ છે. નિંદાના બે પ્રકાર છેઃ એક છે અપવાદ અને બીજો છે પ્રવાદ. ખરાબ કામ કરવાથી, નિંદા થાય છે તેને અપવાદ કહેવામાં આવે છે. તેનાથી બચવા માટે તો સૌ કોઇએ જીવ–જાનથી પ્રયત્ન કરવો જ જોઈએ, પરંતુ કોઇ નિંદાસ્પદ કાર્ય કર્યું ન હોય છતાં લોકો અમસ્થા દ્વેષથી, ગુસ્સાથી, કિન્નાખોરીથી અથવા ભ્રમથી નિંદા કરવા લાગે છે, તેને પ્રવાદ-બબડાટ કહે છે.

ઉન્નતિને માર્ગે આગળ વધનારા માણસોએ બબડાટની પરવા કરવી જ નહીં. બબડાટ એ તો કંટકથી છવાએલા ઉન્નતિનાં શિખર ઉપર ચઢવા માટે ટેકો આપનારી લાઠીનું કામ કરે છે.

લોકરંજનની ખાતર નિંદાની પરવા કરીને તેની યથાર્થતા લોકોની આગલ દેખાડવી એ તો ફક્ત ઇશ્વર સિવાય બીજાથી આ જમાનામાં બનવું અશકય છે. ઇશ્વરના આચરણની નકલ આ કલિકાળમાં કોઇ કરવા જાય તો ધરતી ઉપર પગ મૂકવાની પણ જગ્યા મળી શકે નહિ.

---

વનસ્પતિનો એક ગુણ એવો છે કે–પશુના રૂપનું પરાવર્તન કરાવી મૂળ રૂપમાં જોડી આપે. કોઇ મનુષ્ય પશુ જેવો હોય તેવા આત્માને જો તીર્થંકર દેવની ભક્તિ મળે તો અજ્ઞાનરૂપ ભાવ પશુપણું ટળી જઇ, સુબુદ્ધિરૂપ માનવપણું પ્રાપ્ત થાય. એવા હેતુથી પ્રભુની ભક્તિને સંજીવની ઔષધીરૂપ ઉપમા આપી છે. આવી ભક્તિથી હે પ્રભુ ! અમારા શરીરમાં, અમારા મનમાં ઘણો ઘણો આનંદ પ્રગટ થયો છે. એવી રીતે પંડિત રૂપવિજયજી મહારાજના શિષ્ય આ સ્તવનના રચયિતા કવિ મોહનવિજયજી કહે છે. ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ધોબીના બબડાટથી નિષ્કલંક અને પતિપરાયણ સતી સાધ્વી સીતાજીને શ્રી રામચંદ્રજીએ ત્યજી દીધા હતા એવું વિષમ કાર્ય તો એવા અવતારી મહાન પુરુષોને જ શોભાવે છે, પણ જો એક સામાન્ય કોટીનો માનવી એવા બબડાટની પરવા કરી સત્ય પ્રગટાવવા નિકળે તો એ હાંસીને પાત્ર જ બને છે અને પ્રવાદપ્રિય માનવીઓને વધુ તાન ચડે છે.

અત્યારે જગતમાં જ્યાં જોઈશું ત્યાં પ્રવાદપ્રિય મનુષ્યો ટકાની ગણત્રીએ વધી જાય છે.

વર્તમાન સમયમાં મનુષ્ય શું સંગ્રહી રહેલ છે? એ જ પોતે સમજી શકતો નથી. મનુષ્ય જો ધનનો સંગ્રહ કરે તો એ તૃષ્ણા ક્ષમ્ય છે. તેમજ હાથમાંથી પડીને ભાંગી જાય એવી ક્ષણભંગુર ચીજોને સંઘરે તો એ ધૂન પણ ક્ષમ્ય છે. પણ માનવી તો ઝેર, વેર, કૃતઘ્નતા અને કિન્નાખોરી તેમજ કારુણ્યની વાતો પોતાના મનમાં ભરી રાખે છે અને સમયે કે કસમયે વિચાર્યા વગર તેનું પ્રદર્શન કરે છે. જેની દુર્ગંધ તથા વિકૃતિથી ઘણા માણસોને જુગુપ્સા પહોંચાડે છે. માનવી માત્ર ભૂલને પાત્ર તો છે જ પણ ઘણાએક માનવીમાં સ્વાભાવિક દોષ એવા પ્રકારનો હોય છે કે પોતાની જાતનો જરાપણ વિચાર નહીં કરતાં અન્ય કે જેઓ લોકદૃષ્ટિએ મહાન છે, જ્ઞાની છે, પૂજનીય છે અને કરુણાના સાગર જેવા છે એવાઓના પણ છિદ્રો તપાસવા પ્રેરાય છે પણ એ માનવીએ સમજવું ઘટે છે કે માનવીની દૃષ્ટિ ઈશ્વરે આગળ રાખી છે તેથી જ તે આગળ જોઈ શકે છે પણ પોતાનાં જ કર્મોના પરિણામ તેનાં પાછળ પડતા પગલાંઓમાં કેવા લખાય છે એ તરફ એનું ધ્યાન નથી હોતું.

માણસની પાછળ એના પગલાં પાડી રાખવાની કુદરતે વ્યવસ્થા પૂરેપૂરી કરી રાખેલી છે એ માણસોયે ન ભૂલવું જોઈએ.

કુદરતના પેટમાં કશું સમાતું જ નથી. એ તો બધું કહી દે છે. ભલેને આઠ દસ હજાર વર્ષ પછી પણ કહ્યાવગર એનાથી રહેવાતું નથી. હજારો વર્ષ પહેલાંનો પ્રાણીઓનો ઇતિહાસ પૃથ્વીના પેટમાં કે કોલસાના પડ વચ્ચે સાચવેલો પણ જડી આવે છે અને જેમ સાગરના પેટમાંથી મોજાઓ શંખલાઓને કિનારે લાવીને નાંખે છે "એ મોજાંઓથી પણ દુનિયાને બતાવ્યા વિના રહેવાતું નથી."

જેટલી ઘટનાઓ સૃષ્ટિ ઉપર તથા તેના પેટમાં બને છે તે બધું કુદરત ક્યાંક ને ક્યાંક નોંધી રાખે છે અને ઉપર દા. પોતે એમ સ્વહસ્તે તે લખે છે.

સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, તારા, પશુ, પક્ષી, ઝાડપાન, પહાડો અને નદીઓ તથા શહેરો અને ગામડાઓ તથા નદીના પટ અને સમુદ્રના તળીયાં દરેક જણ પોતાનો ઇતિહાસ બોલે છે, અને માણસ! માણસ દંભી છે, ઠગ છે, કળાબાજ છે અને તેનામાં ડોળ કરવાની શક્તિ પણ અસાધારણ છે છતાં પણ એ પણ પોતાનો ઇતિહાસ ઉઘાડો પાડ્યા વિના રહી શકતો નથી; માથા પરના વાળ, કપાળની કરચલીયો, ચંચળ કે જડ આંખો વિગેરે દરેક વસ્તુ જીવનનો ઇતિહાસ જાહેર કરે છે. તેમજ માણસની ભાષા અને એનું લખાણ પણ એનો સ્વભાવ તથા કુલીનતાનું સ્પષ્ટીકરણ કરી દે છે.

માણસ જ્યારે ગાફેલ હોય છે ત્યારે એનો રૂઢ સ્વભાવ જાગૃત હોય છે અને માણસ જ્યારે ઈરાદાપૂર્વક બોલે છે ત્યારે તેનો અનુભવ અને સંસ્કારો બોલે છે, પણ જ્યારે એનાથી બોલાઈ જવાય છે ત્યારે એની જિંદગીની મૂડી ઉઘાડી પડી જાય છે. મનુષ્ય જો એટલું જ સમજે કે પોતે આગળ (બીજાના દોષો) જોઈ શકે છે જ્યારે પોતાનાં (દોષો–કર્મો) પગલાં તો પાછળ પડે જ છે અને તે માંહેના સારા માઠાનો ઇતિહાસ કુદરત નોંધી જ લે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માનવી, શા માટે પરનિંદા કરી ભાવ પાપ બાંધી રહ્યો છે? પોતાની અમૂલ્ય જિંદગીનો અમુલ્ય સમય પારકી નિંદા અને ખોદણી કરવામાં શા માટે ખર્ચી રહેલ છે?

શું મનુષ્યને અન્યના દોષો શોધવામાં જ બહુ આનંદ આવે છે? શા માટે એ દોરીને સર્પ અને ઝાડના ઠૂંઠાને ભૂત માની બેસે છે? શું એ માનવી સમજતો નથી કે પોતાના દોષો શોધવામાં પણ બીજાને એટલો જ આનંદ આવતો હશે? મનુષ્યે ન ભૂલવું જોઇએ કે અન્યની ભૂલો શોધવામાં અને તેને ઉઘાડી કરવામાં બહાદુરી નથી. પણ ગુણગ્રાહી થવામાં જ જીવનની ખરી મહત્તા છે.

મનુષ્ય માત્રે સમજી લેવું ઘટે છે કે એક પરમાત્મા સિવાય કોઇપણ વ્યક્તિ દોષરહિત નથી જ. ચંદ્રમાં પણ ડાઘ છે અને ગુલાબોમાં કાંટા છે એ વિષે કવિ કહે છે કે ;—

**शशिनि खलु कलंकः कंटकः पद्मनाले, जलधिजलमपेयं पंडिते निर्धनत्वं ॥१॥**
**दयितजनवियोगं, दुर्भगत्वं स्वरूपे, धनपतिकृपणत्वं, रत्नदोषी कृतांतः ॥२॥**

ખામી તો કુદરતે સર્વેમાં મૂકી છે પણ શું એનો આપણે તિરસ્કાર કરીશું?

મનુષ્યના દિલમાં કલહ તથા કષાયનો ઉદય ઇંદ્રિયોના અપ્રશસ્ત વિકારથી જ થાય છે કે જે સમ્યક્ત્વને પ્રગટવા દેતો નથી. જો એ વિકારને રોકવામાં ન આવે અને તે પ્રત્યે સુદૃષ્ટિ યુક્ત લક્ષ આપવામાં ન આવે તો તેમાંથી વ્યક્તગુણની મલિનતા ઉદ્‌ભવે છે. અને તેમાંથી જ દૂષિત પ્રવૃત્તિઓનો વિકાસ થાય છે; માટે જે કષાયરૂપી નિંદ્ય વ્યવહારમાં હિંસાનો અંશ સમાયેલો છે. જેથી સાચા જૈનોએ નિંદા, કલહ, કષાય આદિ ચાર અપ્રશસ્ત દુષ્ટ તત્ત્વોને દૂર જ કરવા ઘટે છે.

સાચો સજ્જન કોણ? એ વિષે કવિ કહે છે.

**सुजनं व्यजनं मन्ये, चारुवंश-समुद्भवम् , आत्मानं च परिभ्राम्य, परतापनिवारणम्**

ઉત્તમ વંશમાં જન્મ ધારણ કરીને પોતાના શરીરનું પરિવર્તન કરીને બીજાનાં દુઃખ દૂર કરનાર સજ્જન પુરુષને કવિએ પંખાની ઉપમા આપેલ છે ( પંખો પોતાને જ ફેરવીને બીજાઓના તાપ દૂર કરે છે ) માટે હે ભાઇ! તારામાં અનંત જ્ઞાન છે તેનો સદ્‌ઉપયોગ કરી નિંદ્ય વિષયોનો ત્યાગ કરી જીવનનું સાર્થક કરી લે.

જે વસ્તુ સ્વ તેમજ પરના જીવન ઉત્કર્ષને માટે અંતરાયરૂપ છે. એવી વસ્તુનો તો પરિત્યાગ કરવો એ જ ઉત્તમ છે. નાહક પોતાના તથા અન્યના આત્માને કલુષિત શામાટે બનાવવો? અહિંસાનો ઉપાસક એ હિંસાત્મક તત્ત્વનો કદાપિ પણ સ્વીકાર ન જ કરે. સાચો જૈન તો એ વસ્તુનો પ્રતિકાર જ કરે. મુક્તાફળનો ભોગી હંસ ભૂખ્યો મરી જશે પણ અન્ય વસ્તુને ગ્રહણ નહીં જ કરે. એમ પ્રભુ વીતરાગના સુપુત્રો પણ એ પિતાની શાખને એબ ન જ લગાડે. પ્રભુ! આપણ સૌને સુદૃષ્ટિ યુક્ત સદ્‌બુદ્ધિ આપે એ જ નમ્ર પ્રાર્થના.

**ભવાનભાઈ પ્રાગજી સંઘવી**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્થિતપ્રજ્ઞ પુરુષ શ્રીમદ્ રાજચંદ્રની પવિત્ર વિચારશ્રેણિ.

## ગૃહસ્થપણું

સંસારમાં રહ્યા છતાં પણ ઉત્તમ શ્રાવકો ગૃહાશ્રમથી આત્મસાધનો સાધે છે. તેઓનો ગૃહસ્થાશ્રમ પણ વખણાય છે. તે ઉત્તમ પુરુષ યમ-નિયમને સેવે છે; પરપત્ની ભણી માતબહેનની દૃષ્ટિ રાખે છે; યથાશક્તિ સત્પાત્રે દાન દે છે; શાંત, મધુરી અને કોમળ ભાષા બોલે છે; સત્શાસ્ત્રનું મનન કરે છે; અને ત્યાંસુધી ઉપજીવિકામાં પણ માયા-કપટ ઇત્યાદિ કરતો નથી; સ્ત્રી, પુત્ર, માત, તાત, મુનિ અને ગુરુ એ સઘળાને યથાયોગ્ય સન્માન આપે છે; યત્નથી ઘરની સ્વચ્છતા ઇત્યાદિ રખાવે છે; પોતે વિચક્ષણતાથી વર્તી, સ્ત્રી પુત્રને વિનયી અને ધર્મી કરે છે; સઘળા કુટુંબમાં સંપની વૃદ્ધિ કરે છે; સત્પુરુષોનો સમાગમ અને તેઓનો બોધ ધારણ કરે છે; સમર્યાદ અને સંતોષ યુક્ત નિરંતર વર્તે છે; અલ્પ આરંભથી જ વ્યવહાર ચલાવે છે. આવો ગૃહસ્થાવાસ ઉત્તમ ગતિનું કારણ જ્ઞાનીઓ કહે છે.

જે મુમુક્ષુ જીવ ગૃહસ્થ વ્યવહારમાં વર્તતા હોય, તેણે તો અખંડ નીતિનું મૂળ પ્રથમ આત્મામાં સ્થાપવું જોઇએ. નહિ તો ઉપદેશાદિનું નિષ્ફળપણું થાય છે. દ્રવ્યાદિ ઉત્પન્ન કરવા આદિમાં સાંગોપાંગ ન્યાયસંપન્ન રહેવું તેનું નામ નીતિ છે. એ નીતિ ચૂકતાં પ્રાણ જાય એવી દશા આવ્યે, ત્યાગ અને વૈરાગ્ય ખરા સ્વરૂપમાં પ્રગટે છે, અને તે જ જીવને સત્પુરુષનાં વચનનું તથા આજ્ઞાધર્મનું અદ્ભૂત સામર્થ્ય, માહાત્મ્ય અને રહસ્ય સમજાય છે. અને સર્વ વૃત્તિઓ નિજપણે વર્તવાનો માર્ગ તે નીતિથી સ્પષ્ટ સિદ્ધ થાય છે.

ગૃહાવાસનો જેને ઉદય વર્તે છે, તે જો કંઇપણ શુભધ્યાનની પ્રાપ્તિ ઇચ્છતા હોય, તો તેના મૂળ હેતુભૂત એવા અમુક સદ્વર્તનપૂર્વક રહેવું યોગ્ય છે. જે અમુક નિયમમાં 'ન્યાયસંપન્ન આજીવિકાદિ વ્યવહાર' તે પહેલો નિયમ સાધ્ય કરવો ઘટે છે. આ પ્રથમ નિયમ ઉપર જો ધ્યાન આપવામાં આવે, તો કષાયાદિ સ્વભાવથી મંદ પડવા યોગ્ય થાય છે; ઘણા આત્મગુણો પ્રાપ્ત કરવાનો અધિકાર ઉત્પન્ન થાય છે, અથવા જ્ઞાનીનો માર્ગ આત્મપરિણામી થાય છે.

જ્યાં સુધી ઓછી ઉપાધિવાળા ક્ષેત્રે આજીવિકા ચાલતી હોય, ત્યાં સુધી વિશેષ મેળવવાની કલ્પનાએ મુમુક્ષુએ કોઇ એક વિશેષ અલૌકિક હેતુ વિના વધારે ઉપાધિવાળાં ક્ષેત્રે ન જવું ઘટે. કેમકે તેથી સદ્વૃત્તિઓ મોળી પડી જાય છે, અથવા વર્ધમાન થતી નથી.

માંડમાંડ આજીવિકા ચાલતી હોય, તો પણ મુમુક્ષુ પુરુષને તે ઘણું છે; કેમકે વિશેષનો કંઇ અવશ્ય ઉપયોગ નથી. એમ જ્યાં સુધી નિશ્ચયમાં ન આણવામાં આવે, ત્યાં સુધી તૃષ્ણા નાના પ્રકારે આવરણ કર્યા કરે. લૌકિક વિશેષતામાં કંઇ સારભૂતતા જ નથી એમ નિશ્ચય કરવામાં આવે, તો માંડ આજીવિકા જેટલું મળતું હોય, તો પણ મુમુક્ષુ જીવ આર્ત્તધ્યાન ઘણું કરીને થવા ન દે. અથવા થયે તે પર વિશેષ ખેદ કરે અને આજીવિકામાં ત્રુટતું યથાધર્મ ઉપાર્જન કરવાની મંદ કલ્પના કરે.

જેને ધર્મ સંબંધી બોધ થયો છે, છતાં સ્થિતિનું દુઃખ હોય, તો તેણે બનતી ઉપાધિ કરીને રળવા પ્રયત્ન કરવો જોઇએ. ઉપજીવન સુખે ચાલી શકે તેવું છતાં, જેનું મન લક્ષ્મીને માટે બહુ ઝાંવા નાંખતું હોય, તો મનને સંતોષી લેવું. તેમ છતાં ન વળી શકે તેમ હોય, તો અમુક મર્યાદામાં આવવું. તે મર્યાદા સુખનું કારણ થાય તેવી હોવી જોઇએ. પરિણામે આર્ત્તધ્યાન ધ્યાવાની જરૂર પડે તેમ કરીને બેસવાથી રળવું સારું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે વ્યવસાયે કરી જીવને ભાવનિદ્રાનું ઘટવું ન થાય, તે વ્યવસાય કોઈ પ્રારબ્ધયોગે કરવો પડતો હોય, તો તો ફરી ફરી પાછા હઠીને, 'મોટું ભયંકર હિંસાવાળું દુષ્ટ કામ જ આ કર્યા કરું છું' એવું ફરી ફરી વિચારીને, અને 'જીવમાં ઢીલાપણાથી જ ઘણું કરીને મને આ પ્રતિબંધ છે' એમ ફરી ફરી નિશ્ચય કરીને, જેટલો બને તેટલો વ્યવસાય સંક્ષેપ કરતાં જઈ પ્રવર્તવું થાય તો બોધનું ફળવું સંભવે છે.

પગલે પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચારે કોટ્યાવધિ યોજનો ચાલ્યા કરે છે, ત્યાં યોગ્યતાનો અવકાશ ક્યાંથી હોય? આમ ન થાય, તેટલા માટે થયેલા કાર્યના ઉપદ્રવને જેમ શમાવાય તેમ શમાવી–સર્વ પ્રકારે એ વિષેની નિવૃત્તિ કરી, યોગ્ય વ્યવહારમાં આવવાનો પ્રયત્ન કરવો ઉચિત છે. ન ચાલતાં કરવો જોઈએ, અને તે પણ પ્રારબ્ધવશાત્, નિઃસ્પૃહબુદ્ધિથી–એવો જે વ્યવહાર, તેને યોગ્ય વ્યવહાર માનજો.

વૃત્તિનો લક્ષ તથારૂપ સર્વસંગપરિત્યાગ પ્રત્યે વર્તતો છતાં જે મુમુક્ષુને પ્રારબ્ધવિશેષથી તે યોગનો અનુદય રહ્યા કરે, અને કુટુંબાદિનો પ્રસંગ તથા આજીવિકાદિ કારણે પ્રવૃત્તિ રહે–જે યથાન્યાયથી કરવી પડે–તે મુમુક્ષુએ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્માનુસાર આજીવિકાદિ પ્રાપ્ત થશે એમ વિચારી, માત્ર નિમિત્ત-રૂપ પ્રયત્ન કરવું ઘટે; પણ ભયાકુળ થઈ, ચિંતા કે ન્યાયત્યાગ કરવો ન ઘટે.

કોઈપણ પ્રકારે ભવિષ્યનો સાંસારિક વિચાર છોડી, વર્તમાન સમપણે પ્રવર્તવાનો દૃઢ નિશ્ચય કરવો. ભવિષ્યમાં જે થવાને યોગ્ય હશે તે થશે, તે અનિવાર્ય છે, એમ ગણી, પરમાર્થ સન્મુખ થવું યોગ્ય છે. ગમે તે પ્રકારે પણ એ લોકલજ્જારૂપ ભયનું સ્થાનક એવું જે ભવિષ્ય તે વિસ્મરણ કરવા યોગ્ય છે. તેની ચિંતા પડયે પરમાર્થનું વિસ્મરણ હોય છે અને એમ થાય તે મહા આપત્તિરૂપ છે, માટે તે આપત્તિ આવે નહિ એટલું વારંવાર વિચારવા યોગ્ય છે. કુટુંબાદિનું મમત્વ રાખશો તો પણ જે થવાનું હશે તે થશે. તેમાં સમપણું રાખશો તો પણ જે થવા યોગ્ય હશે તે થશે, માટે નિઃશંકપણે નિરાભિમાની થવું યોગ્ય છે, સમપરિણામે પરિણમવું યોગ્ય છે. આ જ્યાં સુધી નહિ પરિણમે, ત્યાં સુધી યથાર્થ બોધ પરિણમે નહિ.

સંસારમાં પ્રારબ્ધાનુસાર ગમે તેવા શુભાશુભ ઉદય આવો, પરંતુ તેમાં પ્રીતિ અપ્રીતિ કરવાનો આપણે સંકલ્પ પણ ન કરવો.

'કરના ફકીરી કયા દિલગીરી, સદા મગન મન રહેનાજી' એ વૃત્તિ મુમુક્ષુઓએ અધિકાધિક વર્ધમાન કરવા જેવી છે. પરમાર્થની ચિંતા હોય એ વિષય જુદો છે; વ્યવહારચિંતાનું વેદન અંતરથી ઓછું કરવું, એ એક માર્ગ પામવાનું સાધન છે.

મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી, તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે, એ વાત નિશ્ચય કરવા યોગ્ય છે. પ્રતિકૂળ પ્રસંગ જો સમતાએ વેદવામાં આવે, તો જીવને નિર્વાણ–સમીપનું સાધન છે. વ્યાવહારિક પ્રસંગોનું નિત્ય ચિત્રવિચિત્રપણું છે. માત્ર કલ્પનાએ તેમાં સુખ અને કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ છે. અનુકૂળ કલ્પનાએ અનુકૂળ ભાસે છે. પ્રતિકૂળ કલ્પનાએ પ્રતિકૂળ ભાસે છે. અને જ્ઞાની પુરુષે તે બેઉ કલ્પના કરવાની ના કહી છે.

સંસાર સંબંધી કારણના પદાર્થોની પ્રાપ્તિ સુલભપણે નિરંતર પ્રાપ્ત થયા કરે અને બંધન ન થાય એવા કોઈ પુરુષ હોય, તો તે તીર્થંકર જેવા જાણીએ છીએ, પણ પ્રાંતે એવી સુલભ પ્રાપ્તિના જોગથી જીવને અલ્પકાળમાં સંસાર પ્રત્યેથી અત્યંત એવો વૈરાગ્ય થતો નથી અને સ્પષ્ટ આત્મજ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદય થતું નથી. એમ જાણી, જે કંઇ તે સુલભ પ્રાપ્તને હાનિ કરનારા જોગ બને છે, તે ઉપકારક જાણી સુખે રહેવા યોગ્ય છે.

જ્યાં ઉપાય નહિ, ત્યાં ખેદ કરવો યોગ્ય નથી. કર્મે કરી જે થાય, તેમાં સમતા ઘટે છે, અને તેના ઉપાયનો કંઇ વિચાર સૂઝે તે કર્યા રહેવું એટલો માત્ર આપણો ઉપાય છે. સંસારના પ્રસંગોમાં ક્વચિત્ જ્યાંસુધી આપણને અનુકૂળ એવું થયા કરે છે, ત્યાંસુધી, તે સંસારનું સ્વરૂપ વિચારી 'ત્યાગ જોગ છે' એવું પ્રાયે હૃદયમાં આવવું દુર્લભ છે. તે સંસારમાં જ્યારે ઘણા ઘણા પ્રતિકૂળ પ્રસંગોની પ્રાપ્તિ થાય છે, તે વખતે જીવને પ્રથમ તે ન ગમતો થઇ, પછી વૈરાગ્ય આવે છે. પછી આત્મસાધનની કંઇ સૂઝ પડે છે; અને જ્ઞાની શ્રી કૃષ્ણના વચન પ્રમાણે મુમુક્ષુ જીવને તે તે પ્રસંગો સુખદાયક માનવા ઘટે છે, કે જે પ્રસંગને કારણે આત્મસાધન સૂઝે છે. એવું જાણી, જે કંઇ પ્રતિકૂળ પ્રસંગની પ્રાપ્તિ થાય, તે આત્મસાધનના કારણરૂપ માની, સમાધિ રાખી, ઉજાગર રહેવું. કલ્પિત ભાવમાં કોઈ રીતે ભૂલવા જેવું નથી.

પ્રમાદના અવકાશયોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધારણ જીવે રહીને, તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને, આત્મહિત ઇચ્છવું એ નહિ બનવા જેવું જ કાર્ય છે; કેમકે લૌકિકભાવની આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે. અહિતહેતુ એવો સંસાર સંબંધી પ્રસંગ, લૌકિકભાવ, લોકચેષ્ટા, એ સૌની સંભાળ જેમ બને તેમ જતી કરીને–તેને સંક્ષેપીને–આત્મહિતને અવકાશ આપવો ઘટે છે.

ઉપાધિથી થોડો પણ નિત્યપ્રતિ અવકાશ લઇ, ચિત્તવૃત્તિ સ્થિર થાય એવી નિવૃત્તિમાં બેસવાનું બહુ અવશ્ય છે. અને ઉપાધિમાં પણ નિવૃત્તિનો લક્ષ રાખવાનું સ્મરણ રાખવું. જેટલો વખત આયુષ્યનો તેટલો જ વખત જીવ ઉપાધિનો રાખે, તો મનુષ્યત્વનું સફળપણું ક્યારે સંભવે ? મનુષ્યત્વના સફળપણા માટે જીવવું એ જ કલ્યાણકારક છે, એવો નિશ્ચય કરવો જોઇએ, અને સફળપણા માટે જે જે સાધનોની પ્રાપ્તિ કરવી યોગ્ય છે, તે પ્રાપ્ત કરવા નિત્યપ્રતિ નિવૃત્તિ મેળવવી જોઇએ. નિવૃત્તિના અભ્યાસ વિના જીવની પ્રવૃત્તિ ન ટળે, એ પ્રત્યક્ષ સમજાય તેવી વાત છે.

પ્રસંગની સાવ નિવૃત્તિ અશક્ય થતી હોય, તો પ્રસંગસંક્ષેપ કરવો ઘટે અને ક્રમે કરીને સાવ નિવૃત્તિરૂપ પરિણામ આણવું ઘટે. એ મુમુક્ષુ પુરુષનો ભૂમિકાધર્મ છે. સત્સંગ–સત્શાસ્ત્રના યોગથી તે ધર્મનું આરાધન વિશેષ કરી સંભવે છે. જીજ્ઞાસુ મુનિરાજ.

---

# વર્તમાન સમાચાર

પોષ વદિ ૧૧ શનિવારના રોજ ઘાટકોપર વિજયાનંદનગરમાં ઉપધાન તપની માલારોપણ મુહૂર્ત હોવાથી પૂજ્ય શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી તથા ઉપાધ્યાયજી શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજના પવિત્ર હસ્તે તપસ્વી બ્હેનો અને બંધુઓને માલારોપણની માંગલિક ક્રિયા થઇ. ઘાટકોપર જૈન સંઘની સંપૂર્ણ ઉત્સાહ અને યોગ્ય વ્યવસ્થા પ્રથમથી જ હતી. પૂજ્ય યુગવીર આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજને ઉપધાન તપ કરાવવા અતિ હોંશ ઉત્સાહ ઉમંગે ઘાટકોપર લાવ્યા હતા, છતાં કોઇ વેદની કર્મના ઉદયે કરી પૂજ્ય આચાર્યભગવંત એકાએક બિમાર થતાં માલારોપણની ક્રિયાના દિવસોમાં પૂજ્ય આચાર્ય મહારાજની ગેરહાજરી થવાથી ઘાટકોપર જૈન સંઘને તેટલી ઊણપ રહી ગઇ છે, છતાં ત્યાંના તપસ્વીઓએ, સમસ્ત સંઘે તેમજ અનેક શહેરો અને ગામોમાં આચાર્યભગવંતની માંદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગીના ખબર પહોંચતા અનેક સ્થળોએ આયંબીલો, નમસ્કાર મહામંત્રનો જાપ, પરમાત્માની પ્રાર્થનાઓ થતાં અધિષ્ઠાયક દેવની કૃપાવડે પૂજ્ય આચાર્ય ભગવંતની તબીયત સુધરતી આવે છે. પૂજ્ય આચાર્ય ભગવાનના આશીર્વાદ વડે સુખશાંતિપૂર્વક માલારોપણ વિધિ સમાપ્ત થઇ છે.

# સ્વીકાર–સમાલોચના

જૈન શ્રુતસાગરનું એક અનુપમ–અણમોલ અને મહામંગલકારી રત્ન

**શ્રી પ્રતિક્રમણ પ્રબોધ ટીકા**–ભાગ ત્રીજો. લેખકઃ–ધીરજલાલ ટોકરસી. શેઠ કાળીદાસ વીરજી સ્મારક ગ્રંથમાળામાં સાર્થ પ્રતિક્રમણ પ્રબોધ–ટીકા ત્રીજો ભાગ ( અષ્ટાંગ વિવરણ સૂત્ર ૪૫ મન્હજિણાણંની સજ્ઝાય સૂત્રથી સંતિકર સ્તવન સુધી ૫૮ સૂત્રો અને પરિશિષ્ટ ૧ કાયોત્સર્ગ, ૨ પ્રત્યાખ્યાનનો પરમાર્થ સામાન્ય સૂચનાઓ ૮ વિધિ સંગ્રહ, પાંચ પ્રતિક્રમણો, તેના હેતુઓ તેની પ્રાચીન ગાથાઓ, પૌષધવિધિ ચૈત્યવંદનો ) વગેરેનો પરિશિષ્ટોમાં સમાવેશ કરી વિશેષ નામોની અનુક્રમણિકા સહિત સુંદર સંકલના-પૂર્વક તૈયાર કરવામાં આવેલ છે. ઉપરના દરેક સૂત્રોનો મૂળ પાઠ, સંસ્કૃત ગુજરાતી છાયા, સામાન્ય વિશેષ અર્થ, અર્થનિર્ણય, સંકલના, સૂત્રપરિચય જેના સ્થાન સાથે વાચક–અભ્યાસીઓને સૂત્રનું રહસ્ય સમજવા માટે અત્યંત ઉપયોગી છે. કેટલાકનો વિશિષ્ટ ઉલ્લેખ સરલ રીતે આપવામાં આવેલ ખાસ વાંચવા જેવો છે. પ્રસ્તાવનામાં લેખક ધીરજલાલભાઇ પોતાના જ્ઞાન–અનુભવ અને અનેક જ્ઞાનભંડારોનો પરિચય કરી આવવાથી આ પ્રતિક્રમણ સૂત્રનું ત્રીજું રત્ન અને અમૂલ્ય ગ્રંથ પ્રકટ કરી એક આવશ્યક ક્રિયાગ્રંથ અસાધારણ સાહિત્યરૂપે પ્રકટ કરવામાં આવેલ છે. દાનવીર શેઠ અમૃતલાલભાઇ કાળીદાસ દોશી પ્રયોજક હોવાથી આ ઉત્તમ કાર્ય માટે લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે તે માટે શેઠ અમૃતલાલભાઇ સકળ હિંદની જૈન સમાજના ધન્યવાદને પાત્ર છે. માટે જૈન સમાજે તેના શિક્ષણ માટે શિક્ષકો નવા તૈયાર કરવાની હવે તાત્કાલિક જરૂર છે અને પ્રયોજક અને લેખકને આવા સુંદર કાર્ય માટે ધન્યવાદ આપી છીએ. ૫૮ આધારભૂત ગ્રંથો અને ૧૧૧ હસ્તલિખિત પ્રતોના આધાર સાથે અમૂલ્ય ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે.

૨ **આત્મતત્ત્વપ્રકાશઃ**–ન્યાયવિશારદ ન્યાયાચાર્ય **મુનિશ્રી ન્યાયવિજયજી** મ૦ વિરચિત આ પુસ્તિકામાં સંસ્કૃત ભાષામાં જીવ, જીવના ભેદો, મોક્ષ, માનવજીવન મહિમા, ભગવદુપાસ્તિ; એ વિષયો ઉપર દાખલાઓ સાધનો સાથે સંક્ષિપ્તમાં પૂજ્ય મુનિરાજે સુંદર વર્ણન કરેલું છે. ગુજરાતી ભાષાના જાણકારો માટે અનુવાદની જરૂર છે. પ્રાપ્તિસ્થાન–**શ્રી હેમચંદ્રાચાર્ય જૈન સભા–પાટણ.**

૩ **શ્રી નાકોડા તીર્થ**–**લેખક મુનિશ્રી વિશાળવિજયજી** મ૦ **જૈન** ઇતિહાસની દૃષ્ટિએ મારવાડમાં આવેલા આ તીર્થનો ઇતિહાસ–પરિચય સંક્ષિપ્તમાં મંદિરના ફોટા સાથે આ ગ્રંથમાં વર્ણન કરવામાં આવ્યું છે. પૂજ્ય મહારાજશ્રીએ તેનો આગલો ઇતિહાસ સાધનો અને શિલાલેખો વગેરે આપી સંકલના-પૂર્વક આલેખેલ છે. વર્તમાન સ્થિતિનું વર્ણન પણ છે. દરેક પ્રાચીન તીર્થોનો ઇતિહાસ એ રીતે પ્રસિદ્ધ થાય તે જરૂર છે. કિંમત છ આના. પ્રકાશક શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર.

૪ **કર્મનો નિયમ.** લેખક **શ્રીયુત હરજીવન કાળીદાસ**–કિંમત ચાર આના. કર્મ, પુનર્જન્મ અને ધર્મની માન્યતાનું વર્ણન આ ગ્રંથમાં થીઓસોફીકલ ધર્મના સિદ્ધાંત પ્રમાણેનું વર્ણન આપવામાં આવ્યું છે. તેની ચૌદ વર્ષમાં ૨૪૫૦૦) કોપીઓ પ્રગટ થઇ છે તે તેની ઉપયોગિતા સિદ્ધ કરે છે. શ્રીયુત ગોપાળજી ઓધવજી ઠક્કર તરફથી ભેટ મળેલી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨ સજ્ઝાયમાળા—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. ( પ્રથમ ભીમસીંહ માણેકે છપાવેલી તે જ ) હાલમાં તે મળી શક્તિ નહોતી અમારી પાસે માત્ર પચીશ કોપી આવી છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇડીંગથી અલંકૃત કરેલ છે કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું મૂળ કિં. આપવાની છે. )

લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

## ૧. શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરનું સચિત્ર ચરિત્ર.

અનેક રંગના વિવિધ અવસ્થાના ફોટાઓ, સુંદર બાઇડીંગ કવર જેકેટ સાથે પુણ્યવંત મનુષ્યોનું ઉચ્ચ કોટીનું જીવન કેવું સુંદર હોય છે, તેનો સુંદર નમુનો આ ચરિત્રમાં છે.

શ્રી શ્રેયાંસનાથ ભગવાનના આગલા ત્રીજા ભવમાં તેઓશ્રી ભુવનભાનુ રાજાના સુપુત્ર શ્રી **નલિની-ગુલ્મ** નામે રાજપુત્ર હતા. ભુવનભાનુ રાજા અને નલિનીગુલ્મ રાજપુત્ર બંને જ્યારે કોઇ અવનવા આશ્ચર્ય સાથે આનંદ ઉત્પન્ન કરે તેવા પ્રસંગે રાજધાની છોડી અનેક શહેરો, જંગલો, ઉદ્યાનો-વનો ઉપવનોમાં પરિભ્રમણ કરતાં તે બંને મહાન પુરુષની ધર્મભાવના, પરોપકારપણું, દેવ ભક્તિ, નમસ્કાર મહામંત્રની અખૂટ શ્રદ્ધા અને પૂર્વના પુણ્યોદયવડે વૈભવ, સંપત્તિ, સુખો, સુંદર આદર્શ સ્ત્રીરત્નોની પ્રાપ્તિ વિઘ્નો, અને સંકટ વખતની ધૈર્યતા, અને રાજનીતિ તે વખતની સામાજિક નીતિ ન્યાયનીતિ, શહેર, ઉદ્યાનોના વર્ણનો, ધર્મગુરુઓની દેશનાઓના લાભો વગેરે આ ચરિત્ર સંપૂર્ણ વાંચતા આત્મિક આનંદ, અનુકરણીય સુંદરપ્રસંગો પ્રાપ્ત થાય છે.

---

## ૨. "જ્ઞાનપ્રદીપ ગ્રંથ" ( ભાગ ત્રીજો ).

દરેક મનુષ્યને-અલ્પજ્ઞને પણ સરલ રીતે સમજી શકાય અને ઉચ્ચ જીવન કેમ જીવાય, જીવનમાં આવતાં સુખ દુઃખના પ્રસંગોએ કેવી પ્રવૃત્તિ આદરવી, તેનું દિશાસૂચન કરાવનાર, અનંતકાળથી સંસારમાં રઝળતા આત્માને સાચો રાહ બતાવનાર, સન્માર્ગ, સ્વર્ગ અને મોક્ષ મેળવવા માટે ભોમીયારૂપ આ ગ્રંથમાં આવેલા વિવિધ તેર વિષયો છે. જે ગ્રંથો માટે જૈન જૈનેતર મનુષ્યોએ પ્રશંસા કરેલ છે. પુષ્પમાળારૂપે વિદ્વાન આચાર્ય મહારાજ વિજયકસ્તુરસૂરિમહારાજે સાદી અને સરલ ભાષામાં રચેલો છે. કિંમત બે રૂપીયા પોસ્ટેજ જુદું. થોડી નકલો સિલિકે છે.

---

## તૈયાર છે. શ્રી બૃહત્કલ્પસુત્ર-છઠ્ઠો ( છેલ્લો ) ભાગ સંપૂર્ણ. તૈયાર છે.

મુનિરાજશ્રી તથા જ્ઞાનભંડારોના વહીવટ કરનાર મહાશયો, જેમણે પ્રથમ પાંચ ભાગ લીધેલા છે, તેમણે આ છઠ્ઠો ભાગ સત્વર મંગાવી લેવા વિનંતિ છે. **ઘણી જુજ નકલો સિલિકે છે.** આ છઠ્ઠો ભાગ સંશોધન સાથે મહાન પ્રયત્નવડે સાક્ષરશિરોમણિ, પૂજ્ય મુનિરાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજે મહામૂલી, પ્રમાણિક, સર્વ માહિતીપૂર્ણ, સુંદર સંકલનાપૂર્વક પ્રસ્તાવના સાથે સંપાદન કરેલ છે.

આ ગ્રંથ ઉંચા ટકાઉ લેઝર પેપર ઉપર, સુંદર શાસ્ત્રી ટાઇપમાં નિર્ણયસાગર મુંબઇ પ્રેસમાં છપાયેલ છે. આ પૂજ્ય આગમ ગ્રંથ ઘણાં વર્ષો સુધી ટકી શકે, અને જ્ઞાનભંડારોના શણગારરૂપ બને તે દૃષ્ટિએ જ બધી રીતે મોટો ખર્ચ કરી સુંદરમાં સુંદર તેનું પ્રકાશન કરેલ છે.

આવા વિદ્વત્તાપૂર્ણ પૂજ્ય આગમો મોટો ખર્ચ કરી વારંવાર છપાતાં નથી જેથી જલદી મંગાવી લેવા નમ્ર સુચના છે.

કિંમત રૂા. ૧૬) સોળ વી.પી. પોસ્ટેજ રૂા. ૧।।। જુદું. લખોઃ-**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 314

# સભાના મેમ્બર થવાથી થતો અપૂર્વ લાભ.

રૂા. ૫૦૧) રૂા. પાંચસો એક આપનાર ગૃહસ્થ, સભાના પેટ્રન થઇ શકે છે. તેમને છેલ્લા પાંચ વર્ષમાં પ્રગટ થયેલા ગુજરાતી પ્રકાશનો ભેટ તરીકે મળી શકે છે.

રૂા. ૧૦૧) પહેલા વર્ગના લાઇફ મેમ્બર થનારને ચાલુ વર્ષના બધા ગુજરાતી પ્રકાશનો ભેટ મળી શકે છે અને અગાઉના વર્ષના પુસ્તકો પોણી કિંમતે મળી શકે છે.

રૂા. ૫૧) બીજા વર્ગના લાઇફ મેમ્બર. તેમને પુસ્તકની જે કિંમત હશે તેમાંથી ત્રણ રૂપિયા કમી કરી બાકીની કિંમતે આ વરસના પુસ્તકો ભેટ મળી શકશે; પણ રૂા. ૫૦) વધુ ભરી પહેલા વર્ગમાં આવનારને પહેલા વર્ગને મળતો લાભ મળશે. બીજા વર્ગમાં જ રહેનારને ત્રણે રૂપીઆની કીંમતના ભેટ મળશે.

રૂા. ૧૦૧) ભરનાર પહેલા વર્ગના લાઇફ મેમ્બરોને નીચેના સાત વર્ષોમાં જે પુસ્તકો ભેટ આપવામાં આવ્યા છે તે નીચે મુજબ છે. **સાત વર્ષ પહેલાં થયેલા પેટ્રન સાહેબો અને લાઈફ મેમ્બરોને ભેટ આપવામાં આવેલા ગ્રંથોની કિંમત ઘણી મ્હોટી છે.** જેમાંથા પેટ્રન થનારને છેલા પાંચ વર્ષના પુસ્તકો ભેટ મળશે.

| | | |
|---|---|---|
| સં. ૨૦૦૩માં | શ્રી સંઘપતિ ચરિત્ર—(સચિત્ર) | કિં. રૂા. ૬–૮–૦ |
| | શ્રી મહાવીર ભગવાનનાં યુગની મહાદેવીઓ | ,, ,, ૩–૮–૦ |
| સં. ૨૦૦૪માં | શ્રી વસુદેવ હિંડી ભાષાંતર | ,, ,, ૧૫–૦–૦ |
| | શ્રી શાંતિનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર) | ,, ,, ૭–૮–૦ |
| સં. ૨૦૦૫માં | શ્રી પાર્શ્વનાથ પ્રભુ ચરિત્ર (સચિત્ર) | ,, ,, ૧૩–૦–૦ |
| સં. ૨૦૦૬માં | શ્રી દમયન્તી ચરિત્ર (સચિત્ર) | ,, ,, ૬–૮–૦ |
| | જ્ઞાન પ્રદીપ ભાગ ૨ | ,, ,, ૪–૦–૦ |
| | આદર્શ સ્ત્રી રત્નો ભાગ ૨ | ,, ,, ૨–૦–૦ |
| | જૈન મતકા સ્વરૂપ | ભેટ |
| સં. ૨૦૦૭ } | શ્રી કથારત્નકોષ ભાષાન્તર ગુજરાતી ભાગ ૧ | ,, ,, ૧૦–૦–૦ |
| ,, ૨૦૦૮ } | શ્રી તીર્થંકર ચરિત્ર (સચિત્ર) | ,, ,, ૬–૦–૦ |
| | શ્રી અનેકાન્તવાદ | ,, ,, ૧–૦–૦ |
| | ભક્તિ ભાવના નૂતન સ્તવનાવળી | ,, ,, ૦–૮–૦ |
| સં. ૨૦૦૯માં | શ્રી શ્રેયાંસનાથ ચરિત્ર-સચિત્ર | [illegible] |
| | જ્ઞાન-પ્રદીપ ભાગ ત્રીજો | ,, ,, ૨–૦–૦ |
| | નમસ્કાર મહામંત્ર | ,, ,, ૧–૦–૦ |
| | | રૂા. ૮૬–૦–૦ |

સં. ૨૦૧૦ માં આપવાના ભેટના પુસ્તકો તૈયાર થશે ત્યાં સુધી નવા થનાર લાઇફ મેમ્બરને ઉપરોક્ત સં. ૨૦૦૯ ના ભેટના પુસ્તકો ભેટ મળશે.

પહેલા વર્ગના લાઇફ મેમ્બરની ફી રૂા. ૧૦૧) ભર્યેથી રૂા. ૧૩) નું શ્રી પાર્શ્વનાથ ચરિત્ર રૂા. ૭) વધુ ભર્યેથી આપવામાં આવશે. માટે પ્રથમ વર્ગના લાઇફ મેમ્બર થઈ મળતા ભેટના પુસ્તકોનો લાભ મેળવો. જૈન બંધુઓ અને બ્હેનોને પેટ્રનપદ અને લાઇફ મેમ્બર થઇ નવા નવા સુંદર ગ્રંથો ભેટ મેળવવા નમ્ર સૂચના છે.

એકાવન વરસથી પ્રગટ થતું આત્માનંદ પ્રકાશ માસિક દર માસે જિંદગી સુધી ભેટ મળશે. મેમ્બર થવામાં જેટલો વિલંબ થશે તે વરસના ભેટના પુસ્તકો ગુમાવવાના રહેશે; અત્યારસુધીમાં આશરે ૭૦૦ સંખ્યાં લાઇફ મેમ્બરોની થઈ છે.

ઠરાવ
તા. ૧૩–૧–૫૩
૨૦૦૯ પોસ વદ ૧૩ }

**શ્રી જૈન આત્માનંદ સભા.**
ભાવનગર

મુદ્રક : શાહ ગુલાબચંદ લલ્લુભાઇ : શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ : દાણાપીઠ–ભાવનગર.

For Private And Personal Use Only